# જાહેર સૂચના

ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર અને ડો. એચ. એલ. ત્રિવેદી ઈન્સ્ટીટયુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ-380016ના મેડિકલ રેકોર્ડ્સ વિભાગ દ્વારા જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે, વર્ષ-1990 થી વર્ષ-2016 દરમ્યાન હોસ્પિટલમાં સારવાર મેળવેલ દર્દીઓના તબીબી રેકોર્ડ્સ/ફાઈલો માટે નિર્ધારિત જાળવણી અવધિ (Retention Period) પૂર્ણ થઈ ગઈ હોવાથી હોસ્પિટલની નીતિ તથા લાગુ પડતા નિયમો અને માર્ગદર્શિકાઓ અનુસાર તે રેકોર્ડ્સનો નાશ/નિકાલ (Destruction/Disposal) કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

તેથી જે દર્દીઓ અથવા તેમના કાયદેસરના અધિકૃત પ્રતિનિધિઓને ઉપરોક્ત તબીબી રેકોર્ડ્સની નકલ મેળવવાની જરૂરીયાત હોય તો તેઓએ આ જાહેર સૂચના પ્રકાશિત થયાના 30 (ત્રીસ) દિવસની અંદર માન્ય આધાર-પુરાવા તથા જરૂરી આધાર દસ્તાવેજો સાથે મેડિકલ રેકોર્ડ્સ વિભાગનો સંપર્ક કરવો.

ઉપરોક્ત મુદત પૂર્ણ થયા બાદ સંબંધિત રેકોર્ડ્સનો નિયમાનુસાર નાશ/નિકાલ કરવામાં આવશે અને ત્યારબાદ આવા રેકોર્ડ્સ અંગેની કોઈપણ અરજી, માંગણી અથવા વિનંતી સ્વીકારવામાં આવશે નહીં.

**નિયામક**

(આઈ.કે.ડી.આર.સી.-આઈ.ટી.એસ.)

અમદાવાદ-380016.

સ્થળ: અમદાવાદ

ફોન નંબર: 079-49017000, 079-22687500

તારીખ: 12-06-2026

ઈ-મેઈલ: ikdrcits@ikdrcits.in